dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
May 2014 For private circulation only Vol. 06 - Issue 129-30

જો દેશની વિદ્યાપીઠો, પોતાના શ્રેષ્ઠ, બુધ્ધિશાળી વિદ્યાર્થીઓને પ્રયોગશાળાના કાર્ય માટે આકર્ષવામાં નિષ્ફળ નીવડે, તો તે રાષ્ટ્રના જીવનમાં પોતાનો ફાળો આપવામાં પણ નિષ્ફળ લેખાશે. ઉચ્ચ જ્ઞાન માટેની ઝંખના કેળવવાનું વિદ્યાપીઠનું કાર્ય એટલું તો મહત્વનું છે, કે કેટલીકવાર આપણે એમ માનવા પ્રેરાઈએ છીએ કે, એ એક જ એનું ધ્યેય છે કે જે વિદ્યાપીઠોએ પોતાની સમક્ષ રાખવું જોઈએ.

પંડિત ગોવિંદ વલ્લભ પંત

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

આપણો દેશમાં છેલ્લા ૨૬૦૦ વર્ષથી યુનિવર્સિટીની વ્યવસ્થા ચાલી આવી છે. નાલંદા અને તક્ષશીલા એના ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. જ્ઞાન આપણા દેશમાં સૌથી પવિત્ર ગણાતું હતું અને તેની ઉપાસના કરવામાં આવતી હતી. ધીમે ધીમે શિક્ષણનો વ્યાપ વધતો ગયો. અને શિક્ષણ આપવાની પધ્ધતિઓ પણ બદલાતી ગઈ. અનેક લાક્ષણિકતાઓ સાથે પ્રણાલિકાગત યુનિવર્સિટીઝ વર્ષોથી આપણે ત્યાં ચાલી રહી છે. સમયે સમયે એની સામે પ્રશ્નો અને પડકારો પણ આવતા ગયા, નવોન્મેષો પણ આવતા ગયા. આપણી યુનિવર્સિટીઝ વિશ્વની અગ્રીમ યુનિવર્સિટીઝમાં શા માટે સ્થાન નથી પામતી? એવા પ્રશ્નો વારંવાર પૂછાતા રહયા છે ને સૌને એ દિશામાં વિચારવા મજબૂર કર્યા છે. તાજેતરમાં ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે લોર્ડ ભીખુ પારેખની ઉપસ્થિતિમાં તમામ યુનિવર્સિટીના કુલપતિશ્રીઓની એક કોન્ફરન્સ શિક્ષણ વિભાગ દ્વારા યોજવામાં આવી હતી. જુદા જુદા વિષયોની ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી. એક બેઠકમાં દસ મિનિટમાં મારે મારા વિચારો પણ પ્રસ્તુત કરવાના હતા. વિષય હતો "MENTORING : UNIVERSITY OF DISCIPLINE BASED."

કલકત્તામાં આવેલી પ્રેસીડન્સી કોલેજનો અભ્યાસ કરીને જે હકીકતો રજૂ કરી તે સૌના અભ્યાસ અને લાભ માટે અહીં પ્રસ્તુત કરું છું.

પશ્ચિમ બંગાળની સરકારે વર્ષ ૨૦૧૧માં કલકત્તાની કોલેજ (હાલ પ્રેસીડન્સી યુનિવર્સિટી) વિશ્વકક્ષાની શ્રેષ્ઠ સંશોધન અને શૈક્ષણિક સંસ્થા બનાવવાનો નિર્ધાર કર્યો. આ ધ્યેયને પરીપૂર્ણ કરવા સંસ્થાની ૨૦૦મી વર્ષગાંઠ (વર્ષ : ૨૦૧૭) નિર્ધારીત કરવામાં આવી. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી દ્વારા પ્રો. સુગથા બોઝના અધ્યક્ષ સ્થાને એક માર્ગદર્શક જુથ (મેન્ટર ગૃપ)ની રચના કરવામાં આવી જેના સલાહકાર તરીકે પ્રો. અમર્ત્ય સેન સેવા આપી રહયા છે. આ માર્ગદર્શક જુથે પ્રેસીડન્સી કોલેજના (યુનિવર્સિટી) આમૂલ પરિવર્તન માટે કેટલાક સૂચનો કર્યા છે તેનો ટૂંકસાર નીચે મુજબ છે. **(૧) શ્રેષ્ઠ ઉત્કૃષ્ટ અને વૈવિધ્ય સભર કૈશલ્ય યુવા તજજ્ઞ અધ્યાપકોની નિમણૂંક કરવી. શોધ અને પસંદગી કરવા માટે ભારતના અને બિન–નિવાસી ભારતીય તજજ્ઞોની સેવા લેવી.** શ્રેષ્ઠ અધ્યાપકોને આકર્ષવા માટે અલગ વેતન ધોરણ તથા અન્ય નાણાંકીય લાભ આપવા. તદ્ઉપરાંત ઉત્કૃષ્ટ ભૌતિક સુવિધાઓ પુરી પાડવી. શ્રેષ્ઠ અધ્યાપકોની પસંદગી ન થાય ત્યાં સુધી વચગાળાની વ્યવસ્થા તરીકે કરાર આધારિત અથવા મુલાકાતી અધ્યાપકોની સેવા લેવી. **(૨) વિભાગોની પુનઃરચના અને આંતરશિસ્ત અભ્યાસક્રમો માટે પહેલ.** માર્ગદર્શક જુથે વિભાગોની સંખ્યા ઘટાડી વિભાગની પુનઃરચના કરવી જેથી આંતરશિસ્ત અભ્યાસક્રમો દાખલ કરી શકાય, ઉદાહરણ તરીકે શરીરવિજ્ઞાન, વનસ્પતિ શાસ્ત્ર, પ્રાણી વિજ્ઞાન, જીવ રસાયણ શાસ્ત્ર અને જીવવિકાસ શાસ્ત્ર જેવા વિભાગોને જીવવિજ્ઞાન વિભાગ પુનઃગઠિત કરવા. આજ ભાષાઓ પ્રમાણે સામાજીક વિજ્ઞાનો અને માનવ વિજ્ઞાનોના વિભાગોને પુનઃગઠિત કરી શકાય. **(૩) કાર્યક્રમ અને શૈક્ષણિક ભૌતિક આધાર માળખું.** ગતિશીલ બૌધ્ધિક જીવન માટે અધ્યાપકોને વિશિષ્ઠ સુવિધાઓ આપવી જરૂરી છે. આ માટે બેસવા માટે સુવિધાયુકત અલાયદા રૂમની વ્યવસ્થા કરવી. અધ્યાપકોને જરૂરી ઈન્ટરનેટ, ફોન, કોમ્પ્યુટર વગેરેની સુવિધાઓ રૂમમાં પુરી પાડવી. વિજ્ઞાનના વિષયોમાં અધ્યાપકો માટે પોતાના વિષયમાં પ્રયોગશાળાની વ્યવસ્થા ઊભી કરવી. વિદ્યાર્થીઓને કમ્પ્યુટરના ઉપયોગ માટે વિવિધ સ્થળોએ કોમ્પ્યુટર ટર્મીનલ ઊભા કરવા. યુનિવર્સિટીમાં અત્યંત આધુનિક પુસ્તકાલયનો વિકાસ કરવો. જેમાં તમામ ભૌતિક સુવિધાઓ હોય, આધુનિક ટેકનોલોજીથી સુસજ્જ હોય અને ઈલેકટ્રોનીક ગ્રંથાલયના સ્ત્રોતો કે ઈન્ફલીબનેટ, નેશનલ નોલેજ નેટવર્ક વગેરેના જોડાણ ધરાવતી હોય. વિદ્યાર્થીઓ અને અધ્યાપકોમાં વાંચવાની ટેવ પડે તે માટે કેમ્પસમાં ઉચ્ચગુણવત્તા યુકત વાઈફાઈની સુવિધા અને આઈટી ઈન્ફ્રાસ્ટ્રકચર પુરું પાડવું. દરેક વિદ્યાર્થીને લેપટોપ સુવિધા ઉપલબ્ધ કરાવવી.

યુનિવર્સિટીમાં કામનો સમયગાળો વધે તે માટે કામના કલાકનો સમય સવારના ૮.૩૦ થી રાત્રીના ૧૦.૩૦ વાગ્યા સુધી રાખવો. જેથી વિદ્યાર્થીઓ અને અધ્યાપકો ઉપલબ્ધ માળખાકીય સુવિધાનો અધિકત્તમ ઉપયોગ કરી શકે તે માટે

જરૂર જણાય તો પાળી પ્રથાનો અમલ કરવો અથવા ફ્લેક્સીબલ ટાઈમીંગ રાખવા. નવા અભ્યાસક્રમો, આંતરશિસ્ત અભ્યાસક્રમો, ટૂંકા અભ્યાસક્રમો અને વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો દાખલ કરવા અને તે કરવા માટે વહીવટી વ્યવસ્થા, ટેકનોલોજી અને તજજ્ઞોની સેવાઓની બાબતમાં અમૂલ પરિવર્તન લાવવા. શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે દેશની તેમજ વિદેશની યુનિવર્સિટીઓ સાથે સંશોધન માટે અને અધ્યાપન કાર્ય માટે ભાગીદારી કરવી.

**રાજય માટે સૂચિતાર્થો** (૧) પશ્ચિમ બંગાળમાં પ્રેસીડન્સી કોલેજ/યુનિવર્સિટીમાં આમૂલ પરિવર્તન લાવી વિજ્ઞાનની શ્રેષ્ઠ શૈક્ષણિક અને સંશોધનની સંસ્થા બનાવવા માટેનો નિર્ધાર કર્યો છે. આપણા રાજય માટે કોઈ એક યુનિવર્સિટીને બદલે પ્રત્યેક યુનિવર્સિટી માટે કેટલાક પસંદગી કરેલા વિભાગો/વિષયોમાં થતા સંશોધન અને શૈક્ષણિક કાર્યને વિશ્વસ્તરના બનાવવાની નીતિ વધારે ઉપયોગી થઈ શકે તેમ છે. એક તો અમૂલ્ય જગ્યાનો વ્યય થતો બચાવી શકાય તદ્ઉપરાંત રાજયમાં સંતુલિત વિકાસ થઈ શકે. (૨) પ્રેસીડન્સી કોલેજ માટે માર્ગદર્શક અને સૂચનો કર્યા છે તે સૂચનને અધિકારી રાજય સરકારે ગુજરાતમાં તેમજ ગુજરાતની બહાર રહેલા ગુજરાતી તજજ્ઞોની જરૂરી કાર્યવાહી કરવી. (૩) ઉચ્ચશિક્ષણના નવા પુકારોને પહોંચી તેમજ પરિસ્થિતિને અનુરૂપ એકટ અને સ્ટેટયુટમાં સુધારાઓ કરવા.

**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી માટે શું કરી શકાય ?**
(૧) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં હાલમાં કુલ ૬૧ શૈક્ષણિક તેમજ ૨૧૮ વહીવટી જગ્યાઓ ખાલી છે તે તાત્કાલીક ધોરણે ભરવી જરૂરી છે. તેના માટે શૈક્ષણિક કર્મચારીઓનો વાર્ષિક ખર્ચ લગભગ ૬ કરોડ રૂપિયા છે અને વહીવટી કર્મચારીઓનો વાર્ષિક ખર્ચ લગભગ ૫ કરોડ રૂપિયા છે આમ કુલ વાર્ષિક ૧૧ કરોડ રૂપિયાનો ખર્ચ વેતનો પર કરવો જરૂરી છે. (તાજેતરમાં જ યુનિવર્સિટીમાં ખાલી પડેલી અધ્યાપકોની જગ્યાઓ ભરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે તે નોંધપાત્ર છે.) (૨) વિદ્યાર્થીના પ્રવેશને લેઈને તેને પદવી પ્રક્રિયા પત્ર સુધીની તમામ પક્રિયા નાણાંકીય વ્યવહારો, માર્કસ સંબધિત બાબતો તેમજ જોડાણો અંગેની તમામ બાબતો અંગે યુનિવર્સિટીના વહીવટનું સંપૂર્ણપણે કોમ્પ્યુટરાઈઝેશન કરવા માટે ઈન્ફ્રાસ્ટ્રકચર અને અનુષાંગીક બાબતો માટે અંદાજીત ૫ કરોડ રૂપિયાનો ખર્ચ. (૩) લાયબ્રેરીના આધુનીકરણ માટે અંદાજીત બે કરોડ રૂપિયાનો ખર્ચ. (૪) યુનિવર્સિટી ખાતે વિવિધ વિભાગોના ઉપયોગ માટે સેમિનાર યોજવા, કોન્ફરન્સ યોજવા, તાલીમ વર્ગો ચલાવવા વિગેરે માટે રહેવાની તેમજ જમવાની સુવિધા સહિતનું એક ફેકલ્ટી ડેવલપમેન્ટ સેન્ટર સ્થાપવું તેના માટે અંદાજીત પાંચ કરોડ રૂપિયા (૫) અધ્યાપકોને દર વર્ષે ટૂંકાગાળા માટે વિદેશની શ્રેષ્ઠ શૈક્ષણિક સંસ્થાની મુલાકાત માટે અંદાજીત ૧ કરોડ રૂપિયા (૬) પરદેશની યુનિવર્સિટીમાંથી તજજ્ઞોને યુનિવર્સિટીમાં ટૂંકાગાળા માટે ગેસ્ટ, વિઝીટીંગ પ્રોફેસર તરીકે બોલાવવા માટે અંદાજીત ૧ કરોડ રૂપિયા આ સંદર્ભમાં આચાર્યશ્રીઓ, અધ્યાપક મિત્રો, ટ્રસ્ટીશ્રીઓ અને સમાજમાંથી સૂચનો થશે તો ગમશે. છેવટે લાભ, આપણી યુનિવર્સિટીને, દક્ષિણ ગુજરાતને, શિક્ષણ જગતને અને સમાજને થવાનો છે.

તા. ૩૦ મે, ૨૦૧૪

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## મુલાકાત





યુનિવર્સિટી ઓફ બીબીઓ, સ્પેનના પ્રોફેસર્સ, "EU - India Tuning Project" અંતર્ગત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની મુલાકાતે આવેલ હતા. તેઓ સાથેની કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને એક સભાનું આયોજન તા. ૭-૫-૧૪ના રોજ ૩.૪૫ કલાકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વહીવટી ભવનનાં રૂમ નં. ૨૦૫માં કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ ફેકલ્ટીનાં ડીનશ્રીઓ, વિદેશી વિદ્યાર્થીઓનાં સંયોજકશ્રી તેમજ યુનિવર્સિટીનાં ડેપ્યુટી રજીસ્ટ્રાર, આસિસ્ટન્ટ લાઈબ્રેરિઅન, આસિસ્ટન્ટ રજીસ્ટ્રાર અને એકઝામ કન્ટ્રોલર સહિતના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયા હતા. EU-India Tuning Project તરફથી International Tuning Academyના Prof. Robert Wagenaar, Director, UG & Graduate Studies, University of Groningen અને Prof. (Ms) Edurne Peral ઉપસ્થિત રહયા હતા. સભામાં યુનિ. કેમ્પસ ખાતે અભ્યાસ કરતા વિદેશી વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત હતા.

સભાની શરૂઆતમાં કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર તથા કુલસચિવશ્રી, ડૉ. જે.આર. મહેતા દ્વારા મહેમાનોનું પુસ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ડૉ. અપૂર્વ દેસાઈ, ડીનશ્રી સાયન્સ ફેકલ્ટી, પ્રોફેસર અને વડાશ્રી, કોમ્પ્યુટર સાયન્સ ડિપાર્ટમેન્ટ અને વિદેશી વિદ્યાર્થીઓના સંયોજકશ્રી દ્વારા યુનિવર્સિટીની સંપૂર્ણ માહિતી અંગેનું પ્રેઝન્ટેશન આપ્યું હતું. ત્યારબાદ (Prof.) Ms. Edurne Peral દ્વારા India Tuning Project અંગે પ્રેઝન્ટેશન રજૂ કરેલ હતું. Ms. Edurne Peral દ્વારા India Tuning Project અંગેની વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. પ્રેઝન્ટેશન અંતર્ગત India Tuning Projectની જરૂરિયાત, સિધ્ધાંતો, મેથોડોલોજી અને ફાયદાઓની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.





# કોલેજ ન્યૂઝ

## વ્યાખ્યાન

બી. જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત પુરસ્કૃત આંતરકોલેજ વ્યાખ્યાનમાળા યોજાઈ. જેમાં વી. ટી. ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજ્યુકેશન, સુરતના પ્રા. ડૉ. કિશોરસિંહ વી દેસાઈનું પ્રણાલીનો વિકાસ અને આંકડશાસ્ત્ર વિષયમાં શતાંશસ્થ, પ્રતિશત ક્રમાંક અને પ્રમાણભૂત પ્રાપ્તાંક વિશે વ્યાખ્યાન યોજાઈ ગયું. હતું. તથા લાયન્સ લાયોનેશ કલબના સંયુકત ઉપક્રમે વુમન સેલ અંતર્ગત ડૉ. સુરભિબેન વ્યાસે સ્ત્રીઓની અને વૃદ્ધોની સારસંભાળ ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલે મહિલાઓનું સન્માન કર્યુ હતું અને લાયોનેસ પ્રમુખ સ્મિતાબેન ચૌહાણે પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું.

ઍમિટી. બી. એડ્. કોલેજ, ભરૂચમાં પ્રવચનશ્રેણી ૨૦૧૩/૧૪ અંતર્ગત તા. ૧૧/૦૨/૧૪ના દિવસે યુનિવર્સિટી, સુરતના શિક્ષણ વિભાગના પ્રોફેસર ડૉ. દિપીકા બી. શાહે આજના વિદ્યાર્થી માટેનો સજ્જ શિક્ષક વિષય અંગે વિસ્તૃત સમજ આપી હતી. તેમણે તેમના વ્યાખ્યાનમાં ૨૧મી સદીના વિદ્યાર્થીના લક્ષણો જેવા કે એકટીવ, સ્માર્ટ, આઈ.સી.ટી. યુઝર, જ્ઞાન માટે ઉત્સુક, વૈશ્વિક વગેરે જણાવ્યા હતાં.

'કન્ઝુમર ગાઈડન્સ સોસાયટી ઓફ ઈન્ડિયા' નામના એન. જી. ઓ.ના નેજા હેઠળ શ્રી ત્રિલોક મિશ્રા અને શ્રી ધૂપત ગાયકવાડના માર્ગદર્શન હેઠળ "હાઉ ટુ મેનેજ મની એન્ડ બીકમ સ્માર્ટ ઈન્વેસ્ટર" વિષય ઉપર વ્યાખ્યાનનું આયોજન પ્રિ.ડૉ. જે. એમ. નાયક અને પ્રા. ટી. જી. પટેલના માર્ગદર્શન થકી શાહ એન. એચ. કોમર્સ કોલેજનાં બસો વિદ્યાર્થીઓ માટે કરવામાં આવ્યું હતું. વ્યાખ્યાન બાદ પ્રશ્નોત્તરી દ્વારા વિદ્યાર્થીઓએ પોતાની જીજ્ઞાસા સંતોષી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. એમ. એ. મુલ્લા તથા પ્રા. વી. આર. ચાંપાનેરી દ્વારા પ્રિ. ડૉ. જે. એમ. નાયક, અને પ્રા.ટી.જી. પટેલે કર્યું હતું.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બોર્ડ ઓફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝ દ્વારા કોલેજના વિદ્યાર્થીઓ માટે આંતર કોલેજ વિસ્તરણ વ્યાખ્યાનમાળા અંતર્ગત શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ ખાતે તા. ૧૩/૨/૧૪ના રોજ "જીવનમાં સફળ થવાનાં મહત્વનાં પાસાંઓ" વિષય ઉપર સરકારી વિનયન અને વાણિજય કોલેજ, વાંસદા જી. નવસારીના પ્રિ. ડૉ. જે. ટી. ચૌધરીના વ્યાખ્યાનનું આયોજન થયુ હતું. પ્રિ. ડૉ. જે. એમ. નાયકે વિદ્યાર્થીઓને કોલેજ દ્વારા આયોજીત આવા કાર્યક્રમોમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં પ્રિ. ડૉ. જે. ટી. ચૌધરીએ મનનીય પ્રવચનમાં સફળતા પ્રાપ્ત કરવા માટે વિવિધ પાસાઆને ઉદાહરણ સહિત સમજાવી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. ઉપરોકત કાર્યક્રમમાં પ્રા. ટી. જી. પટેલ તથા પ્રા. આર. પી. પટેલ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ વાદ્સમિતિના ચેરમેન પ્રા. મુકેશ ચૌહાણે કરી હતી.

વી. એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ બીલીમોરા ખાતે તા. ૧૩/૨/૧૪ના રોજ અખિલ હિંદ નારી સુરક્ષા અભિયાન અંતર્ગત 'નારી સુરક્ષા હમારી સુરક્ષા' કાર્યક્રમનું આયોજન પ્રજાપિતા બ્રહ્મકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના ગુજરાતી વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું બ્ર. કુ. જીજ્ઞાબેન આ અભિયાનનું લક્ષ્ય અને બ્રહ્માકુમારીઝ વિદ્યાલયનો પરિચય કરાવ્યો હતો. બ્ર. કુ. ગાયત્રીબેને નારી મજબૂર નહિ પણ મજબૂત છે, તેનામાં અનંત શકિતઓ પડેલી છે. તે વાતને કેટલાંક ઉદાહરણો દ્વારા સ્પષ્ટ કરી હતી.

બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં ગાયત્રી પરિવારના સુરત ઝોનનાં આરતી શર્માએ 'વ્યકિતત્વ પરિષ્કાર' તથા રીતુ મૈત્રીએ 'તનાવ પ્રબંધન' પર એલ.સી.ડી. પ્રોજેકટ દ્વારા સુંદર વકતવ્ય રજૂ કર્યું હતું. ત્યારબાદ ગાયત્રી પરિવાર દ્વારા લેવાયેલ ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં પ્રથમ ક્રમે આવનાર તાલીમાર્થી સવાણી ધરાબેનને શીલ્ડ તથા સાહિત્ય ઈનામ સ્વરૂપે આપ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે તેમણે સમગ્ર રાજયમાં ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. દ્વિતીય ક્રમે પંચાલ ચૈતાલી તથા તૃતીય ક્રમે ટંડેલ મમતાને પણ ઈનામ પ્રાપ્ત થયું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલે કર્યું હતું. સંચાલન ડૉ. મીનાબેન પરમારે અને આભારવિધિ પ્રા. ઉમેશભાઈ પટેલે કરી હતી.

સેમ કોમ, વિદ્યાનગર દ્વારા તા. ૧૪-૩-૧૪ના રોજ વલસાડના કોલેજ કેમ્પસમાં એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાહ એન.એચ. કોમર્સ કોલેજના ટી.વાય. બી.કોમ.ના વિદ્યાર્થીઓ તેમજ દોલત-ઉષા ઈન્સ્ટીટ્યુટના બી.સી.એ./બી.બી.એ. ના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. પ્રો. સુરેશ ત્રિવેદી તથા ડૉ. રાજપરાએ સાયબર ક્રાઈમ, સિકયુરીટી અને ઈ-બિઝનેશની માહિતી આપી હતી.

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં તા. ૧૩-૩-૧૪ના રોજ આંતરકોલેજ વ્યાખ્યાનમાળા અંતર્ગત સુરતની એસ.બી.પી. ઈંગ્લિશ મીડિયમ કોલેજના આચાર્ય અને યુનિવર્સિટીના એકેડેમિક કાઉન્સીલના સભ્યશ્રી ડૉ. વી.ડી. નાયકનું 'વર્ક એથીકસ' વિષય પર વ્યાખ્યાન યોજાયું. જેમાં તેમણે 'એથીકસ' અને 'મોરલ્સ' એટલે શું? તે બે વચ્ચેનો તફાવત વિવિધ ઉદાહરણો આપીને સમજાવ્યો હતો. આ ઉપરાંત તેમણે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનની મદદથી 'વર્ક એથીકસ' એટલે શું ? એક કર્મચારીના 'વર્ક એથીકસ' કયાં કયાં હોય છે? અને તેનું જીવનમાં મહત્વ શું છે, એ વિશે સવિસ્તાર માહિતી આપી હતી. આચાર્ય ડૉ. કિશોરભાઈ નાયકે મહેમાનશ્રીનો આવકાર સ્વાગત કરીને 'વર્ક એથીકસ' જીવનમાં કેટલું અગત્ય છે તે સમજાવ્યું હતું. કાર્યક્રમમાં તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપીને અભિવાદન કરવામાં આવ્યું હતું.

## વ્યાખ્યાન

શ્રી પી.કે. દેસાઈ કેળવણી મંડળ સંચાલિત શ્રી સુરત જીલ્લા સહકારી બેંક કોમર્સ કોલેજ અને શ્રી સાયણ સહકારી ખાંડ ઉદ્યોગ આર્ટ્સ કોલેજ, ઓલપાડ ખાતે તા.૧૦મી ફેબ્રુઆરી ૨૦૧૪ના રોજ શૈક્ષણિક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થામાં ચાલતી ગુજરાતી સાહિત્ય વર્તુળની ઉપક્રમે ગુજરાતી સહિત્યના જાણીતા ચિંતક વિવેચક ડૉ. નરેશ વેદે 'ભારતીય સાહિત્ય' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. તેઓએ ભારત, ભારતીયતા અને ભારતીય કથા સાહિત્ય સંદર્ભે ઉદાહરણો સહિત ચર્ચા કરી હતી. આચાર્ય અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિનયન વિદ્યાશાખાના ડીન ડૉ. ઈશ્વરભાઈ પટેલે વકતાનો પરિચય આપી શાબ્દિક સ્વાગત કર્યું હતું, ત્યારબાદ વકતાશ્રીનું પુષ્પગુચ્છથી સ્વાગત કરી દીપ પ્રાગટય કર્યું હતું. ગુજરાતી વિષયના અધ્યાપિકા ડૉ.ગીતાબેન ગરાસિયા તથા ડૉ. દક્ષાબેન ચૌહાણે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું. આભારવિધિ પ્રા.રમેશભાઈ માછીએ કરી હતી. તથા ગુજરાતી યુનિ.ના પૂર્વ કુલપતિ ડૉ. નરેશ વેદનું' ભારતીય કથા સાહિત્યમાં ભારતીયતા - વિષય પર ગુજરાતી ભાષા સાહિત્યના વિદ્યાર્થીઓના મતે શૈક્ષણિક વ્યાખ્યાન રાખવામાં આવ્યું છે. જેમાં તેમણે જણાવ્યું હતું કે ભારતમાં કઈ એવું જે ભારતની પ્રજાને એક રાખે છે. આપણાં જીવનનાં 'લાઈફ સ્ટાઈલ' બદલાઈ ગઈ, પણ હૃદય બદલાયું નથી માટે અંતરથી આપણે ભારતીય રહયા છીએ. જે સાહિત્ય વાંચીને એમ લાગે કે એમાં મારી સંવેદના સમસ્યાનું નિરૂપણ થયું છે. તેમાં ભારતીયતા છે. આ વ્યાખ્યાનમાં વિશાળ વિદ્યાર્થીવૃંદન જોઈ તેમણે કહયું હતું કે મારો સાચો એવોર્ડ એ વિદ્યાર્થીની ઉપસ્થિતિ છે. આ કાર્યક્રમમાં ડૉ.વેદના વ્યકિતત્વ અને સર્જન વિશે આચાર્યશ્રી ડૉ. ઈશ્વરભાઈ પટેલે શાબ્દિક વકતવ્ય આપ્યું હતું. સમગ્ર સંચાલન ડૉ. ગીતાબેન ગરાસિયા અને ડૉ. દક્ષાબેન ચૌહાણે કર્યું હતું. રમેશભાઈ માછીએ આભારવિધિ કરી હતી. તદ્પરાંત નડિયાદની આઈ.વી.પટેલ કોમર્સ કોલેજના એકાઉન્ટ વિષયનાં નિવૃત પ્રોફેસર શ્રી.એચ.જે.રાણાનું 'પરીક્ષામાં સફળતા કેવી રીતે મળે' તે વિષય ઉપર વ્યાખ્યાન યોજયું હતું. તેમણે જણાવ્યું હતું કે સફળતા નિષ્ફળતા એક સિક્કાની બે બાજુ છે. સફળતા એટલે કોઈપણ પ્રવૃતિમાં સારું પરિણામ મેળવીએ ત્યારે સફળતા મળી એમ આપણે કહીએ છીએ. આચાર્યશ્રી ડૉ. ઈશ્વરભાઈ એમ. પટેલે સ્વાગત પ્રવચન કરી મહેમાનશ્રીનો પરિચય કરવ્યો હતો. પ્રા.ડૉ.આર પી. પટેલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આભારવિધિ પ્રા. નિલેષભાઈ પટેલે કરી હતી.

## એન. એસ. એસ.

- એચ. આર શાહ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, નવસારી દ્વારા તા. ૧/૧/૨૦૧૪થી ૧૦/૧/૨૦૧૪ દરમ્યાન મનાલી (કુલ્લુ) ખાતે વિંટર એડવેચર કેમ્પ યોજાઈ ગયો. તા. ૧/૧/૧૪ ના રોજ અટલબિહારી બાજપાઈ માઉંટ નિયરીંગ એન્ડ એલાઈડ સ્પોર્ટસ સંકુલ પર રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ મ્યુઝયમની મુલાકાત લેવામાં આવી. તા. ૨/૧/૧૪ના રોજ હીડંબા વનની મુલાકાત લીધી, વિંટર કાર્નિવાલમાં પ્રદર્શન ઝાંખીઓનું નિરીક્ષણ, તથા પર્વતારોહણ અને રિવર ક્રોસિંગ વિષેનું વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. તા. ૩/૧/૧૪ના રોજ વશિષ્ઠમંદિર તથા ગરમ પાણીના કુંડોની મુલાકાત, બિયાસ નદીનું ક્રોસિંગ, કરવામાં આવ્યું. તા. ૪/૧/૧૪ના રોજ પર્વતારોહણ અને ટેંટ બાંધવાની કળા શીખી તથા એવરેસ્ટ આરોહણની દસ્તાવેજી ફિલ્મનું નિદર્શન કર્યું. તા. ૫/૧/૧૪ના રોજ સોલાંગ વેલીનું ટ્રેનિંગ કર્યું તથા ૯-૧-૧૪ના રોજ યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં શિબિરાર્થીઓએ પ્રાદેશિક નૃત્યો રજૂ કર્યા. તા. ૧૦/૧/૧૪ના રોજ માલરોડના કેમ્પનો અનુભવ મેળવ્યો. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાંથી ૧૦ વિદ્યાર્થીઓ તથા પ્રો. ઓફિ. ડૉ. એન.એ. મલેકે ભાગ લીધો.
- રાષ્ટ્રીય મતદાતા જાગૃતિ અભિયાન અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ પૈકી શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડના એન. એસ. એસ. યુનિટ વતી કુ. સોનાલી પ્રજાપતિ, કુ. સોનલ પ્રજાપતિ, કુ. સોનુ પ્રજાપતિ, કુ. રાધિકા મોહોડ, કુ. વૈશાલી રાઠોડ, તથા કુ. મનીષા જૈને એડ્ ફિલ્મ/ કવીઝમાં ભાગ લઈ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ ટીમને રૂા. ૨૦૦૦/- નો પુરસ્કાર તથા ટ્રોફી એનાયત થયા હતા.
- સ્વામી વિવેકાનંદના વિચારોથી પ્રેરિત ''રાષ્ટ્રીય યુવા ઉત્સવ'' કે જે ચાલુ સાલે લુધિયાણા પંજાબ ખાતે યોજાયો હતો. જેમાં દેશભરના એન. એસ. એસ. વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કેમ્પમાં આવેલા વિદ્યાર્થીઓને અનેક બાબતો જેવી કે ''રકતદાન, ભૂકંપ, નશો અને વ્યસન'' માટે હકીકતો અને જાગૃતિ વિષયક વક્તવ્ય આપવા માટે વલસાડ કોમર્સ કોલેજની 'ઈન્દિરા ગાંધી એવોર્ડ'' મેળવનાર એન. એસ. એસ. વિદ્યાર્થીની કુ. સુનિતા રાજેશને વિશેષ આમંત્રિત કરવામાં આવી હતી. તેણે વિવિધ કાર્યક્રમોમાં ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કરતાં તેણીનો ચીન, જાપાન અને કોરિયા મુકામે યોજાનાર 'ઈન્ટરનેશનલ કેમ્પ' માટે પસંદગી થઈ છે.
- શાહ એન. એચ કોર્મસ કાલેજ, વલસાડના એન. એસ. એસ.ના વિદ્યાર્થીઓએ નિર્મલ કેમ્પસ ડે અને પર્યાવરણ ડે ની ઉજવણી પ્રસંગે કોલેજના આગળના ભાગે નકામા પાંદડા અને ઘાસની સફાઈ તેમજ પ્લાસ્ટિક વીણીને ઉજવ્યો હતો. આ કાર્યક્રમ માટે પ્રિ. ડૉ. જે. એમ. નાયકનું માર્ગદર્શન તથા પ્રા. ટી. જી. પટેલ, પ્રા. વી. આર. ચાંપાનેરી, પ્રા. એમ. એ. મુલ્લા, પ્રા. કે. સી. પટેલ અને પ્રા. મુકેશ ચૌહાણે દોરવણી આપી હતી. આ કાયક્રમનો હેતુ સ્પષ્ટ કરી ઉપસ્થિત વિદ્યાર્થીઓને સાફ સફાઈ અને પર્યાવરણનું મહત્વ પ્રા. કે. સી. પટેલે સમજાવ્યું હતું.
- વી. એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરામાં ગુજરાતી વિભાગ અને એન. એસ. એસ. ના સંયુકત ઉપક્રમે તા.૩૦/૧/૨૦૧૪ના રોજ વડોદરાની એમ.એસ. યુનિ.ના યોગાચાર્ય બી.કે.દુષ્યંતભાઈ મોદી, સુરતના ડૉ. જ્યોતિબેન અને સુરતના 'ગુજરાતમિત્ર' દૈનિકના કટાર લેખક બી. કે. અનિલભાઈ દ્વારા 'ફીટ બોડી એન્ડ ફાઈન માઈન્ડ' નામના કાર્યક્રમનું આયોજન લાયબ્રેરી હોલમાં કરવામાં આવ્યું હતું. ડૉ. આશાબેને જણાવ્યું કે શરીરની સ્વસ્થતા માટે મનની સ્વસ્થતા અત્યંત જરૂરી છે. આ કાર્યક્રમ અંતર્ગત આર્ટસ ફેકલ્ટીના અંદાજે ૨૦૦ વિદ્યાર્થીઓએ અને અધ્યાપકોએ શારીરિક કસરતો અને ગીતોના માધ્યમથી સ્વસ્થ રાખવા માટેની ટેકનીકને નિહાળી. બ્ર. કુ. જ્યોતીભાઈએ બ્રહ્માકુમારીઝ દ્વારા શીખવામાં આવતા રાજયોગી જીવનને સાચા સુખ શાંતિને માર્ગે લઈ જઈ શકાય છે. તે વાત પર ભાર મૂકયો. આભારવિધિ એન. એસ. એસ.ના પ્રોગ્રામ ઓફિસર પ્રો. જ્યંતભાઈએ કરી હતી અને કાર્યક્રમનું સંચાલન ગુજરાતી વિભાગના પ્રો. મીનાક્ષીબેન પાનવાલાએ કર્યું.
- ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરતના ડિરેકટર ડૉ. દિલીપ સી.શાહ, ઈ.આ. પ્રા. બંટી કે. શાહ તેમજ એન. એસ. એસ. કમિટીના માર્ગદર્શન અને સહકાર હેઠળ ૪-૨-૧૪ના રોજ એન. એસ. એસ. નાં વિદ્યાર્થીઓએ ડિસેબિલિટી વેલફેર ટ્રસ્ટની મુલાકાત લીધી હતી. તેઓએ ટ્રસ્ટ દ્વારા સંચાલિત શાળાના શિક્ષક તેમજ વિદ્યાર્થીઓ પાસેથી તેમના અનુભવ, ભણાવવાની પધ્ધતિ, તેમનો વિકાસ કરવાની રીત વગેરે વિશેની માહિતી મળવી હતી. ઉપરાત આ ટ્રસ્ટના સ્થાપક એવા પદ્મશ્રી કનુભાઈ ટેલરની ઓફિસની પણ મુલાકાત લીધી હતી.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં એન. એસ. એસ.ની સલાહકાર સમિતિમાં વિદ્યાર્થી પ્રતિનિધિ તરીકે વલસાડની શાહ એન. એચ. કોર્મસ કોલેજના વિદ્યાર્થી શ્રી વિતાન વોરાની નિમણુંક વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ માટે કરવામાં આવેલ છે.



નવયુગ સાયન્સ કોલેજ એન. એસ. એસ.ના વાર્ષિક શિબિરનું આયોજન તા. ૨૯/૧/૧૪ થી ૫/૨/૧૪ દરમ્યાન ધરમપુર કપરાડા તાલુકાની આંતરિયાળ વિસ્તારોની તથા કુકેરી આશ્રમશાળામાં આવ્યું. શિબિરમાં ગણિત વિજ્ઞાન પ્રયોગ આધારિત શિક્ષણ તેમજ આરોગ્યલક્ષી કાર્યો કરવામાં આવ્યા.કુકેરી આશ્રમ શાળામાં હોસ્ટેલ સફાઇ, શિક્ષણની પ્રવૃતિ સાથે કપડા વિતરણનું કાર્ય પણ થયું. આચાર્યશ્રી ડૉ. અશ્વિનભાઈ પટેલ પણ શિબિર સ્થળ પર ઉપસ્થિતિ રહી વિદ્યાર્થીઓના કાર્યને બિરદાવી ભવિષ્યમાં વિદ્યાર્થીઓ સમાજલક્ષી કાર્યોમાં વધુમાં વધુ જોડાય તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. શ્રી સંજય પંડયા અને પ્રવિણ પટેલના પ્રયત્નોને કારણે ખરેખર સાચા અર્થમાં સેવાની પ્રવૃતિ થઈ રહી છે તે બદલ બંને વિદ્યાર્થીઓને ધન્યવાદ પાઠવ્યા હતા. વિદ્યાર્થીઓ અને ભુતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા મોટી સંખ્યામાં નવા તેમજ જૂના કપડાનું વિતરણ જરૂરિયાત મંદ લોકોને કરવામાં આવ્યું હતું. કુકેરી આશ્રમ શાળાના શ્રી પરિમલભાઈએ અને આર્યના શ્રી રમેશભાઈ કાપડીયાએ વિદ્યાર્થીઓ અને પરિવારનો આભાર વ્યકત કર્યો હતો.

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, મોટાપોંઢાના એન.એસ.એસ. વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન કપરાડા તાલુકાના વિવિધ ગામોમાં "ગૌદાન" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧-૧૦-૧૩ના રોજ મોટાપોંઢા ખાતે ૧૦ વાછરડા અને ૫ વાછરડીઓ, ૨૮-૧૦-૧૩ના રોજ અભેટી ખાતે ખાસ શિબિર દરમ્યાન ૨૧ વાછરડાઓ, વાછરડીઓ તથા ૧૪-૩-૧૪ના રોજ છેવાડાના અંતરિયાળ પહાડી વિસ્તારમાં આવેલ પેંઢારદેવી ગામે ૩૩ વાછરડા-વાછરડીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરોકત કાર્યક્રમો યોજી શકવાનો યશ શ્રી લાલજી વેલજી શાહ ગૌશાળા તથા વલસાડ પાંજરાપોળના સહકારથી યોજવામાં આવ્યા હતાં. આ સંસ્થાના ટ્રસ્ટીશ્રી અનિશભાઈ શેઠિયાના સહકારથી ગૌદાન કાર્યક્રમ કોલેજ દ્વારા ૨૦૦૩-૦૪ થી પ્રારંભ કરવામાં આવ્યો હતો. તત્કાલીન પ્રિ. શ્રી બી.એન. જોશી દ્વારા આ કાર્યક્રમ હાથ ધરાયો હતો. પેંઢારદેવી મુકામે યોજવામાં આવેલ ગૌદાન કાર્યક્રમમાં પ.પૂ. બુદ્ધદેવજી મહારાજ પ્રેરિત શ્રી નંદગોપાળ સેવા ટ્રસ્ટ સંચાલિત ગૌશાળા સરોણનો પણ નોંધપાત્ર ફાળો રહયો. વર્ષ દરમ્યાન કુલ ૭૭ વાછરડા-વાછરડીઓ જરૂરિયાતમંદ લોકોને વહેંચવામાં આવ્યા. પ્રો.ઓ.શ્રી પ્રા. ડૉ. આશા કે. ગોહિલ, પ્રા. પ્રતિભાબેન મિસ્ત્રી તથા પ્રા. ડૉ. સતિષભાઈ યુ. પટેલના અધ્યક્ષપણા હેઠળ તથા ઈન.આચાર્યશ્રી પ્રા. આર.એલ. પટેલ તથા પ્રમુખશ્રી કેતનભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રી રામજીભાઈ પટેલના માર્ગદર્શન, પ્રોત્સાહન અને હૂંફ થકી સફળ રીતે યોજાયા.

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના એન.એસ.એસ યુનિટ અને ઓલપાડ અસ્નાબાદ ગૃપ ગામ પંચાયતનાં સંયુકત ઉપક્રમે ઓલપાડ તાલુકાનાં અસ્નાબાદ મુકામે ૧૪/૧૨/૧૩ થી ૨૦/૧૨/૧૩ દરમ્યાન એન.એસ.એસ. વાર્ષિક શિબિર તંદુરસ્ત સમાજ માટે યુવાનો યોજવામાં આવ્યો. સૌ પ્રથમ પ્રિ.ડૉ.આઈ. એમ. પટેલે (આર્ટસ ફેકલ્ટીના ડીન) સ્વાગત પ્રવચન કર્યુ હતું. ૧૪/૧૨/૧૩ના રોજ શ્રી બળવંતભાઈ આર. પટેલ (કાર્યકારી પ્રમુખ શ્રી પી.કે. દેસાઈ કેળવણી મંડળ ઓલપાડ) ના પ્રમુખ સ્થાને ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો હતો. સમારંભના ઉદઘાટકશ્રી મુકેશભાઈ ઝેડ. પટેલ (ધારાસભ્યશ્રી ૧૫૫-ઓલપાડ) હતા. અને અતિથિ વિશેષ પ્રા. શ્રી.એ.એન માલવિયા (એન.એસ.એસ.પ્રો.કો-ઓર્ડિનેટર વી.ન.દ.ગુ.યુનિ.સુરત) શ્રી ગોવિંદભાઈ બી. પટેલ (સહમાનદ મંત્રીશ્રી પી.કે.દેસાઈ કેળવણી મંડળ ઓલપાડ) છગનભાઈ એલ. પટેલ (કોષાધ્યક્ષ, શ્રી.પી.કે.દેસાઈ કેળવણી મંડળ ઓલપાડ હતા. શ્રી એ.એન.માલવિયાએ વિદ્યાર્થીઓને એન.એસ.એસ.ની પ્રવૃતિઓની વિસ્તૃત માહિતી આપી હતી. ધારાસભ્ય શ્રી મુકેશ ઝેડ. પટેલે પોતાના વકતવ્ય શ્રી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. અને મતદાન અંગે જાગૃતિ અંગે જણાવ્યું હતું. શ્રી બળવંતભાઈ આર. પટેલે પણ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરુ પાડયું હતું. કેમ્પ દરમ્યાન વિવિધ વિદ્વાન વકતાઓના વ્યાખ્યાનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના ભૂર્તપૂર્વ વિદ્યાર્થી રાયગુરુ આનંદ, ફાલ્ગુંની દેસાઈ અને અમીત પટેલ વિદ્યાર્થીઓને જીવનમાં એન.એસ.એસ.નું શું મહત્વ છે તે વિસ્તારથી સમ્જાવ્યું હતું. એન.એસ.એસ. કેમ્પના જોડાયેલ વિદ્યાર્થીઓએ કોલેજ ખાતે યોજાયેલ રન ફોર યુનિટીના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. એઈડ્સ જાગૃતિ અંગે શ્રી પંકજભાઈ ચૌધરીનું વ્યાખ્યાન રાખવામાં આવેલુ હતું તેમને એઈડ્સ કયા કારણોથી થઈ શકે અને સવચેતી અંગે કયા પગલા લેવા જાઈએ તે અંગે વિદ્યાર્થીએને માર્ગદર્શન આપ્યું હતું. કેમ્પ દરમ્યાન ચશ્મા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. હબીબભાઈએ સેવા આપી હતી. આ ચશ્મા શિબિરમાં અસ્નાબાદ ગામના લોકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. લગભગ ૧૮૦ લોકોએ પોતાની આંખની તપાસ કરાવી હતી. ઓલપાડ કોલેજના ડૉ.જયેન્દ્રભાઈ રાણા વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. શૂરવીરસિંહ ઠાકોરે પણ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરુ પાડયું હતું અને કોલેજની ભૂતપૂર્વ વિદ્યાર્થીની રૂબીબેને વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. સત્યશોધક સભાના શ્રી સિધ્ધાર્થભાઈએ વિવિધ પ્રયોગો બતાવી સમાજ માંથી અંધશ્રધ્ધા વહેમને કેવી રીતે દૂર કરી શકાય સમાજ જાગૃત થાય અને અંધશ્રધ્ધા કઈ રીતે દૂર થાય તે અંગે વિવિથ પ્રયોગ બતાવ્યા હતા. કેમ્પ દરમ્યાન શૈક્ષણિક પ્રવાસનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને આઈસ ફેકટરી, પુઠાબનાવવાની ફેકટરી, નોટબુક બનાવવાની ફેકટરી લાપસીનાફાડા બનાવવાની ફેકટરી. પ્લાસ્ટીકના પતરા બનાવવાની ફેકટરી જોવા લઈ ગયા હતા. કેમ્પ દરમ્યાન રોજ વિદ્યાર્થીઓને યોગા અને મેડીટેશન કરાવવામાં આવતું હતું. વિદ્યાર્થી કિશન પટેલે યોગા અને વિવિધ કસરતો કરાવી હતી. રોજ વિદ્યાર્થીઓ શ્રમ કાર્ય કર્યું હતું. ઓલપાડ કોલેજ કેમ્પસ અસ્નાબાદ પ્રાથમિક શાળાના કેમ્પસમાં સફાઈ કરાવવામાં આવી હતી. અસ્નાબાદ ગામમાં મતદાર જાગૃતિ અભિયાનની રેલી પણ કાઢવામાં આવી હતી. કેમ્પ દરમ્યાન વિવિધ સ્પર્ધાઓ પણ રાખવામાં આવી હતી. એમાં કેમ્પના વિદ્યાર્થીઓ અસ્નાબાદ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અને ગામના લોકોએ ખૂબ જ ઉત્સાહથી મોટી સખ્યામાં ભાગ લીધો હતો. વિવિધ સ્પર્ધામાં જેવી કે દેશભકિત, ગીત સ્પર્ધા, મહેંદી સ્પર્ધા, દોડ સ્પર્ધા, બહેનો અને ભાઈઓ માટેની ગોળાફેંક સ્પર્ધા, વાનગી સ્પર્ધા, ચિત્રકામ સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, લાંબીકૂદસ્પર્ધા,

ખો-ખો સ્પર્ધા, રાખવામાં આવી હતી. એમાં પ્રથમ દ્વિતીય, તૃતીય વિજેતાને ઈનામ આપવામાં આવ્યાં હતાં. ૨૦/૧૨/૧૩ના રોજ મેહમાનભાઈ ડી. પટેલ (ઉપપ્રમુખ શ્રી.પી.કે.દેસાઈ કેળવણી મંડળ, ઓલપાડ)ના પ્રમુખ સ્થાને પૂર્ણાહૂતિ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. અતિથિ વિશેષ શ્રી ગોવિંદભાઈ બી. પટેલ (સહમાનદ્રમંત્રી શ્રી પી.કે.દેસાઈ કેળવણી મંડળ ઓલપાડ) અને શ્રી છગનભાઈ એલ. પટેલ (કોષાધ્યક્ષ) શ્રી.પી.કે.દેસાઈ કેળવણી મંડળ ઓલપાડ હતા. પૂર્ણાહૂતિ સમારંભ માં નવયુગ કોમર્સ કોલેજના પ્રિન્સીપાલ ડૉ.વિનોદભાઈ હાજર રહયા હતા. અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન કર્યા હતા. મોહનભાઈ ડી. પટેલે ઉદ્‌બોધન કર્યું હતું. કાર્યક્રમના અંતે આભારવિધિ પ્રા. કિશોરભાઈ ચપટવાલા એ કરી હતી. અને કાર્યક્રમનું સંચાલન ડૉ. રાજેશભાઈ પટેલ અને દક્ષાબેન કોન્ટ્રાકટરે કર્યું હતું. આ કેમ્પને પાર પાડવા આચાર્યશ્રી ડૉ.આઈ.એમ.પટેલે કેમ્પ પહેલા દરમ્યાન અને પછી પણ ઘણો શ્રમ ઉઠાવ્યો હતો.

## પુસ્તક

ઓલપાડ ખાતે આવેલી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં લાઈબ્રેરીમાં પુસ્તક પ્રદર્શન યોજાયુ હતુ. આ પ્રસંગે લાઈબ્રેરીઅન કાંતિભાઈ ટંડેલે જણાવ્યું હતું કે કોઈપણ લાઈબ્રેરીનું ધ્યેય વિશેષજ્ઞાનનો /ઈતર વાંચનનો છે. આ સાથે કોલેજના સ્ટાફ શ્રી ટીમ્મર, રાણા રાઠોડ કાલા, ઠાકોર, માછી ચપટવાલા, આર.પી.પટેલ, યોગેશભાઈ, ભરતભાઈ, રીટાબેન, બરુવાલા, મેહુલભાઈ વિગેરે સભ્યોએ પણ વકતવ્ય આપ્યું હતું. પ્રિ શ્રી ઈશ્વરભાઈએ કાર્યક્રમની શુભેચ્છા પાઠવી હતી સાથે કોલેજના પ્રમુખશ્રી બળવંતભાઈએ પણ પુસ્તકપ્રદર્શન નિહાળી અભિનંદન આપ્યા હતા. આ કાર્યક્રમનું સમગ્ર આયોજન અને સંચાલન લાઈબ્રેરીઅન કાંતિભાઈ ટંડેલ અને સેવક વિક્રમભાઈએ કર્યું હતું.

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડની લાયબ્રેરી સમિતિના ઉપક્રમે "પુસ્તક પરિચય હારમાળાછ" કાર્યક્રમ અંતર્ગત ૨૪મા વકતા તરીકે એમ. ટી. બી. આર્ટસ કોલેજ, સુરતના અધ્યાપક ડૉ. ચૈતન્યભાઈ દેસાઈએ અરાવીંગ સ્ટોન વિખિત અંગ્રેજી પુસ્તક "લસ્ટ ફોર લાઈફ" અને શ્રી વિનોદ મેઘાણી અનુવાદિત "સળગતા સૂરજમુખી" પુસ્તકનો પરિચય કરાવ્યો હતો. તા.૨૯/૩/૧૪,ના રોજ યોજાયેલ આ કાર્યક્રમની શરૂઆત આચાર્યશ્રી ડૉ. જે. એમ. નાયક દ્વારા વકતાને પુસ્તક પુષ્પથી આવકારીને કરવામાં આવી હતી.

## આરોગ્ય

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડમાં રિબિન કલબ અંતર્ગત એક દિવસનો વર્કશોપ યોજવામાં આવ્યો હતો. પ્રિ. ડૉ. આઈ. એમ. પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતુ. નાલ્કોના શ્રી પંકજભાઈ ચૌધરીએ વિસ્તૃત પ્રવચન કરતા જણાવ્યું હતુ કે એચ.આઈ.વી. અને એઈડ્સ બંને અલગ છે. એઈડ્સ થવામાં મુખ્યત્વે અસુરક્ષિત યૌન સંબધો એચ.આઈ.વી. યુકત લોહી, અસુરક્ષિત સીરીજ વિગેરે મુખ્યત્વે કારણો જવાબદાર છે. વર્કશોપનું સંચાલન પ્રા. ડૉ. આર.પી. પટેલ, પ્રા. ડી.એસ.કોન્ટ્રાકટરે કર્યું હતું. વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યું હતુ. પ્રા કે.જી. ચપટવાલાએ આભારવિધિ કરી હતી. એન.એસ.એસ.ના સ્વયંસેવકોએ સેવા આપી હતી.

સી.એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર, વ્યારા અને કાળીદાસ હોસ્પિટલ, વ્યારા દ્વારા સદ્‌ભાવના ટ્રસ્ટ, મઢીના સહયોગથી એમ.કે. પટેલ સ્કુલ મઢી ખાતે તા. ૨-૩-૧૪ના રોજ યોજાયેલ વિના મુલ્યે હોમિયોપેથીક નિદાન અને સારવાર કેમ્પમાં ૭૪ જેટલા દર્દીઓને ડૉ. પિયુષ ગુજરાથીએ સેવા આપી હતી.

જેમાં કોલેજના ઈર્ન્ટની વિદ્યાર્થીઓએ સહકાર આપ્યો હતો. આ કેમ્પનું આયોજન ડૉ. જયોતિ રાવ, ડૉ. મીનાબેન કાલરા અને ડૉ. શૈલેષભાઈ ગાંધીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## સેમિનાર



કોલેજ ઓફ એજ્યુકેશન, દમણમાં તા.૨૩/૨/૧૪ ના રોજ કોલેજ અને સી.ટી.ઈ. (ગુજરાત ચેપ્ટર)ના ઉપક્રમે "એજ્યુકેશન એટ ક્રોસ રોડ" વિષય પર એક દિવસીય નેશનલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું સેમિનારમાં શ્રી માછી મહાજન સોસાયટીના ચેરમેનશ્રી પ્રમોદભાઈ દમણીયા, વા. ચેરમેનશ્રી ધર્મેશભાઈ ટંડેલ તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી શિક્ષણ શાખાના ડીનશ્રી પ્રફુલ્લસિંહ રાજ ઉપસ્થિત રહયા હતા. સેમિનારમાં કી નોટ સ્પીકર તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિ પ્રો. ડૉ. રમેશચંદ્ર જી. કોઠારી તેમજ પેનલ ચર્ચા માટે ડૉ. ટી. એસ. જોષી (ગાંધીનગર) પ્રો. ડૉ. દિપિકાબેન શાહ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત તેમજ ડૉ. દિપક ચવાણ, તિલક કોલેજ, પૂના એ સેવા હતી. આ સેમિનાર કુલ ૨૧૦ ડેલિગેટે સંશોધન પત્ર રજૂ કર્યા હતા. સ્વાગત પ્રવચન આચાર્ય અને સેમિનારના ડાયરેકટર પ્રિ. ડૉ. બાબુભાઈ ટંડેલે કર્યું હતું. સેમિનારના કન્વીનર તરીકે આસી. પ્રોફે. ડૉ. ગીતા એ. પટેલે તેમજ કો. કન્વીનર તરીકે ડૉ. સંજયભાઈ પટેલ કાર્યક્રમનું સંચાલન કર્યું.

વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ (BCA & BBA) કોર્ષના કોર્ડિનેટર પ્રા. કૃણાલ એસ., પ્રા. ભાવસાર તથા પ્રા.શ્રી ચેતનભાઈ એન. દવે દ્વારા Research paper on "Future of E-Commerce" and "Preventing Phising Attacks with virtual browser" International Conference of Emerging trends in Management, Technology and Engineering at Pune-Maharashtra માં પેપર રજૂ કરવામાં આવ્યું હતું અને જે કોન્ફરન્સમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું હતું.

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય બીલીમોરામાં તા.૨૦/૩/૧૪,ના રોજ નવસારી વલસાડ અને ડાંગ જીલ્લાની બી.એડ્.કોલેજના અધ્યાપકો માટે 'રિસર્ચ મેથોલોજી' પર એક દિવસીય સેમિનારનું આયોજન થતું હતું. જેના ઉદ્‌ઘાટન સભારંભમાં પ્રિ. ડૉ. કિશોરભાઈ નાયકે મહેમાનોના સ્વાગત પરિચય બાદ સેમિનારની ઉચિત પૂર્વભૂમિકા રજૂ કરતા જણાવ્યું હતું કે રિસર્ચને કેવી રીતે શિક્ષણ અને જીવનનો ભાગ બનાવી શિક્ષણ અને જીવનનો વિકાસ કરી શકાય. સેમિનારના ઉદ્‌ઘાટન સમારંભમાં અધ્યક્ષ તરીકે નવસારી જીલ્લા શિક્ષણ ભવનના પ્રાચાર્ય શ્રી શેખે જણાવ્યું હતું કે બી.એડ્. અને જીલ્લા શિક્ષણ તાલીમ ભવન એકરસ થઈને કામગીરી કરે છે જે આનંદની બાબત છે. ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં અતિથિવિશેષ તરીકે સંસ્થાના પૂર્વ અધ્યાપક ડૉ. પ્રવીણભાઈ ગિલીટવાલાએ સહભાગીઓને પહેલા અને હાલ રિસર્ચ કરવામાં શું તફાવત છે તે જણાવી સૌને રિસર્ચ કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. સંસ્થાના પૂર્વ અધ્યાપક ડૉ. નલિનીબેન પણ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહયા

હતા. તેમણે સંશોધનનો વર્ગખંડમાં વિનિયોગ કરવા અનુરોધ કર્યો હતો. ઉદ્‌ઘાટન સમારંભમાં સેમિનારના મુખ્ય તજજ્ઞ યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના પ્રોફેસર ડૉ. દીપિકાબેન શાહ પણ અતિથિશિશેષ તરીકે ઉપસ્થિત રહયા હતા. ત્યારબાદ અને CTE ના કો-ઓર્ડિનેટર ડૉ. કલ્પેશભાઈ ટંડેલે ઉપસ્થિત સૌ માટે આભારની લાગણી વ્યકત કરી હતી. સેમિનાર પ્રથમ સત્રમાં ડૉ. દિપીકાબેન શાહે પ્રાયોગીક સંશોધન અંગે પાવર પોઈન્ટ પ્રેજન્ટેશની મદદથી ઉંડાણપૂર્વક સમજૂતી આપી હતી. સેમિનાર સમાપન સમારંભમાં મહેમાનોનું સ્વાગત કરીને સંસ્થાના આચાર્ય ડૉ. કિશોર નાયકે સહભાગીઓની પ્રતિબદ્ધતાને બિરદાવી હતી. સમાપન સમારંભમાં અધ્યક્ષીય પ્રવચનમાં ડૉ. દિપીકાબેન શાહે સંશોધન માટે સતત પ્રયત્નશીલ રહેવા માટે સહભાગીઓને અનુરોધ કર્યો હતો.

## સ્પર્ધા



નવયુગ આર્ટસ્ કોલેજ આયોજીત સ્વ. મણીબેન સી. પીઠાવાલા આંતર કોલેજ વિજયપત્ર વકતૃત્વ સ્પર્ધા (૨૦૧૩/૧૪)માં યુનિવર્સિટીની વિવિધ કાલેજોએ ભાગ લીધો હતો. જેમાં નવયુગ સાયન્સ કોલેજ T.Y.B.Sc.ની વિધાર્થિની કુ. સુરતી નેન્સી ગિરીશભાઈ અને S.Y.B.Sc.નો વિધાર્થી કુ. સતાણી રોનક મગનભાઈએ ભાગ લઈ સંયુકતપણે સ્વ મણીબેન સી. પીઠાવાલા વિજયપ્ર શિલ્ડ મેળવ્યું છે. તેમજ કુ.સુરતી નેન્સી ગિરીશભાઈએ દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે.

શાહ એન.એચ.કોમર્સ કોલેજ સુરતમાં તા.૨૭/૪/૨૦૧૪ના રોજ આચાર્યશ્રી ડૉ. જે. એમ. નાયકના માર્ગદર્શન હેઠળ એન.એચ. ટાઈમ્સ ભીતપત્ર અંતર્ગત 'મતદાન જાગૃતિ પોસ્તર મેકિંગ' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેલનાં અધ્યક્ષ ડૉ. દક્ષા ઠાકરે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અને માર્ગદર્શન પુરૂં પાડયું હતું જ્યારે લાયબ્રેરીયન શ્રી દેવાંગભાઈ પટેલે કાર્યક્રમની વ્યવસ્થા સંભાળી હતી. આ સ્પર્ધામાં કુ. તૃપ્તિ ગોહિલ પ્રથમ ક્રમે, કુ. પ્રિયા પટેલ દ્વિતિય ક્રમે તથા કુ. મોનાલી રાઠોડ અને કુ. ચાંદની કક્કડ, તૃતીય ક્રમે વિજેતા જાહેર થયા હતા.

શ્રી એસ.આર. પટેલ બી.એડ્. કોલેજ, સુરતમાં ૨૨-૨-૧૪ના રોજ યોજાએલ લગ્નગીત સ્પર્ધામાં ઉપાધ્યાય પ્રીતીબેન અને વણકર અરવિંદભાઈએ નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી. જેમાં તરસરિયા હેતન અને ધનાણી કૈલાસે પ્રથમ ક્રમ, ચાંપાનેરી કિન્નરી એ. બીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

આંતર કોલેજ યુનિ. રાઉન્ડ મેચમાં નવયુગ કોમર્સ કોલેજે ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરતને પરાજિત કરી વિજેતા થયા હતા. નવયુગ કોમર્સ કોલેજ વતી ટીમ મેનેજર પ્રા. સી.કે. અસારિયા તથા ટીમના કોચ પ્રતિક પટેલે ઉમદા કામગીરી નિભાવી હતી.

સપ્તધારા પ્રવૃતિની જ્ઞાનધારા અંતર્ગત બી.કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડમાં "આઝાદીના આટલા વર્ષો પછી આપણે કયાં ? એક સમીક્ષા" વિષય ઉપર નિબંધ સ્પર્ધા યોજાઈ. સ્પર્ધામાં ૫૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જ્ઞાનધારા કન્વીનર પ્રો. યુ.કે. પટેલ, ડૉ. કે.ડી. દેસાઈ, પ્રો. વી.આર. પટેલે સ્પર્ધાનું આયોજન કર્યું હતું.

સ્પર્ધામાં પ્રથમ ક્રમે નર્મદા જોષી, દ્વિતીય ક્રમે રુચીકા પટેલ તથા તૃતીય ક્રમે મિતુલ જોષી વિજેતા થયા હતા. સ્પર્ધાને અંતે તમામ સ્પર્ધકોને સર્ટીફિકેટ એનાયત થયા હતા. સર્જનાત્મક અભિવ્યકિત ધારાના નેજા હેઠળ બી.કે.એમ. સાયન્સ કોલેજ ખાતે પ્રાર્થનાગાન સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ સંગીતમય રીતે સુંદર પ્રાર્થનાઓ રજુ કરી વાતાવરણને ભકિતમય બનાવ્યું હતું. પ્રાર્થનાગાન દ્વારા ભારતીય સંસ્કૃતિ વારસાને જીવંત રાખવા માટે આચાર્યશ્રી ડૉ. વિકાસ દેસાઈએ વિદ્યાર્થીઓની સરાહના કરી હતી. પ્રો. અનિલ ગોયલે સ્પર્ધાનું આયોજન કર્યું હતું. પ્રાર્થનાગાન સ્પર્ધાનું સંચાલન રિધ્ધી દેસાઈ તથા અન્ય વિદ્યાર્થિનીઓએ કર્યું હતું. સ્પર્ધામાં પ્રથમ ક્રમે સંયમ પટેલ, દ્વિતિય ક્રમે મયુર ભગત તથા શેફાલી પટેલ તથા તૃતીય ક્રમે ભૂમિકા પટેલ તથા નેહા પંચાલ વિજેતા થયા હતા. સ્પર્ધાને અંતે તમમા સ્પર્ધકોને સર્ટીફિકેટ એનાયત થયા હતા.

તા. ૨૮-૧૨-૧૩ના રોજ ઈવનીગ કોમર્સ કોલેજ ખાતે યોજાયેલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આંતર કોલેજ રાઈફલ અને પિસ્તોલ શુટીગ પર્ધા (ભાઈઓ/બહેનો) માં કુલ ૧૮ ટીમના ૧૦૦ જેટલા શુટરોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ઈવનીગ કોમર્સ કોલેજ રાઈફલ શુટીગ ભાઈઓમાં કુલ ૨૦૯ સ્કોર અને બહેનોના વિભાગના કુલ ૨૦૭ સ્કોર પ્રાપ્ત કરી યુનિવર્સિટીની સતત ત્રીજી વાર ચેમ્પીયનશીપ પોતાના નામે કરી. તમામ વિદ્યાર્થીઓને કોચિંગ શ્રી ઉમેશભાઈ ચેવલીએ આપ્યું હતું. આ ઉપરાંત હીરેનભાઈ પટેલ એમણે પણ સારો સપોર્ટ કર્યો હતો.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આયોજિત વેઈટ લીફટીગ, પાવર લીફટીગ અને બેસ્ટ ફીઝીકસ સ્પર્ધ નવયુગ કોમર્સ કોલેજ, સુરત ખાતે યોજાઈ હતી. જેમાં નારણલાલા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટની વેઈટ લીફટીગ ટીમે ૨૦૫ પોઈન્ટ મેળવી તૃતીય વખત યુનિવર્સિટી ચેમ્પિયન બની હતી. ખેલાડીઓને તાલીમ અને માર્ગદર્શન શારીરિક શિક્ષણના પ્રા. શ્રી મયુર પટેલે આપેલ હતી.

એ. વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં ગુજરાત રાજયની સપ્તધારા પ્રવૃતિ હેઠળ "રંગકલા કૌશલ્ય ધારા" અન્વયે તા. ૧૦/૩/૧૪ના રોજ યોજયેલ શીઘ્ર રંગોળી સ્પર્ધાના નિણાર્યક તરીકે પ્રા. વાય. જે. દેસાઈ, પ્રા. જય વશી, પ્રા. યોગીબેને મિસ્ત્રી તેમજ પ્રા. હેમાંગીની સરૈયાએ સેવા આપી હતી. તથા ગુજરાત રાજયનું સપ્તધારા પ્રવૃતિ હેઠળ "સર્જનાત્મક અભિવ્યકિત ધારા" અન્વયે તા.૧૦/૩/૧૪ના રોજ યોજાયેલે "સ્વામી વિવેકાનંદના સ્વપ્નનું ભારત" વિષય પર ના શીઘ્ર નિંબધ સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. એન. બી. સોલંકીએ સેવા આપી હતી. કાર્યક્રમનું આયોજન પ્રા. જીગીષાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા.૧૫/૩/૧૪ના રોજ યાજાયેલ જાની મેમોરિયલ વકતૃત્વ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. ભરતભાઈ દેસાઈ તથા દોલત ઉષા ઈન્સ્ટીટયુટના પ્રા હિરલબેન દેસાઈએ સેવા આપી હતી. "અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ" વિષય ઉપર વકતૃત્વ સ્પર્ધા પ્રારંભ પ્રિ. ડૉ. જે. એમ. નાયકે સ્વ. શિવમ જાની ની સ્મૃતિ આપવી એમને શ્રધ્ધાજંલી આપતાં ઉદ્‌બોધન કર્યુ હતું. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે કુ. કલ્યાણી અશોકભાઈ, દ્વિતીય ક્રમે કુ.મયુરી મિસ્ત્રી અને તૃતીય ક્રમે વિતાન વોરા વિજેતા જાહેર થયા હતા.

વી.ન.દ.ગુ યુનિવર્સીટીની ઈન્ટરકોલેજીએટ 'ડી' ઝોન વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન એસ. એસ. અગ્રવાલ નવસારી કોલેજમાં કરવામાં આવ્યું હતું જેમાં વી એસ પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સની ટીમ ચેમ્પીયન બની હતી.

૨૧ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંચાલિત આંતર કોલેજ 'ડી' ઝોન વોલીબોલ ભાઈઓની સ્પર્ધા એસ. એસ. અગ્રવાલ કોલેજ નવસારી મુકામે તા. ૨૫/૩/૧૪ના રોજ યોજાઈ હતી. જેમાં તેઓ રનર્સ-અપ બન્યા હતા. ખેલાડીઓને પ્રા. મુકેશભાઈ પટેલે માર્ગદર્શન આપ્યું હતું.

## વાર્ષિકોત્સવ

સરકારી વિનયન અને વાણિજય કોલેજ, ફોર્ટ-સોનગઢ જિ.તાપી ખાતે તા. ૧-૩-૧૪ના રોજ સંસ્થાનો તેરમો વાર્ષિકોત્સવ, તૃતિય વર્ષના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ તથા વિવિધ ક્ષેત્ર સફળતા હાંસલ કરનાર વિદ્યાર્થીઓના સન્માન સમારંભના અધ્યક્ષ શ્રી ઉદ્દ્ઘાટકશ્રી શ્રી નારાયણભાઈ દોણવાળા (પ્રમુખશ્રી, સાર્વજનિક એજયુ. સોસાયટી, સોનગઢ), અતિથિ વિશેષ શ્રી એમ. અચ. ગજરે પ્રાયોજના વહિવટદારશ્રી, સોનગઢ, શ્રી એમ.આર. વસાવા મામલતદાર શ્રી, સોનગઢ, માન. શ્રી મુકુંદભાઈ બધેકા મંત્રીશ્રી, સાર્વજનિક એજયુ. સોસાયટી, સોનગઢ, શ્રી અરવિંદભાઈ ચૌધરી આચાર્યશ્રી, સાર્વજનિક હાઈસ્કુલ, સોનગઢની ઉપસ્થિતિમાં યોજાયો. આચાર્યશ્રી ડૉ. રાજેશ પટેલે તમામ મહેમાનોનું સ્વાગત તથા કોલેજનો પરિચય આપ્યો હતો. શ્રી નારાયણભાઈ દોણવાળાએ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસકરી જીવનમાં ખુબ પ્રગતી કરી આગળ વધવાની પહેલ કરી હતી. શ્રી એમ. એચ. ગજરે પ્રાયોજના વહિવટદારશ્રીએ વર્તમાન સમયમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી આગળ વધવાના આર્શિવચન આપ્યા હતા. ઈનામવિતરણ કાર્યક્રમનું સંચાલન પ્રા. એચ.જી. પટેલ તથા પ્રા. એ.ડી. ચુડાસમાએ તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું સંચાલન પ્રા. જીતુભાઈ ગામીત તથા સરોજબેન પટેલે તથા કાર્યક્રમની આભાર વિધી પ્રા. આર.એસ. ગામીતે કરી.

## વાંચન વિશેષ

**અનોખી ભેટ**

**લેખક : જીમ સ્ટોવેલ, અનુવાદક : નીતા રેશમીયા**

**પ્રકાશક : એમ્બેસી બુક ડિસ્ટ્રીબ્યુટર્સ, મુંબઈ. પૃ. ૧૩૭ રૂા. ૧૦૦.**

આ પુસ્તકના લેખક પજ્ઞાચક્ષુ હોવા છતાં ઓલિમ્પિકસની રમતમાં વજન ઉંચકવાની રાષ્ટ્રિય શૂરવીર, નાણાંકીય રોકાણના સફળ સલાહકાર તથા વ્યવસ્થાપક. અમેરિકામાં વસતા એક કરોડ ઉપરાંતના પ્રજ્ઞાચક્ષુ તથા નબળી નજરના શિકારગ્રસ્ત લોકો તથા ટી.વી.કાર્યક્રમ બનાવતી કંપની 'નેરેટીવ ટેલિવિઝન નેટવર્ક'ના સહ સંસ્થાપક તથા અધ્યક્ષ છે.

જ્યારે યુ.એસ.જુનીયર ચેમ્બર ઓફ કોમર્સ 'ટેન આઉટ સ્ટેન્ડિંગ યંગ અમેરિકન્સ'ના બિરુદ માટે એમની વરણી થઈ ત્યારથી જીમ સ્ટોવેલનું નામ વોલ્ટ ડીઝની, ઓરસન વેલ્સ અને અન્ય ચાર અમેરિકન પ્રમુખ જેવી નામાંકિત વ્યકિતની હરોળમાં જોડાઈ ગયું. આ પુસ્તક સિવાય તેમના અન્ય પુસ્તકોમાં 'યુ ડોન્ટ હેવ ટુ બી બ્લાઈન્ડ ટુ સી', 'સકસેસ સિક્રેટ ઓફ સુપર અચીવર્સ' અને 'ધી વે આઈ સી ધ વર્લ્ડ', 'ધી અલ્ટિમેટ ગીફ્ટ' નો સમોશા થાય છે. 'ધી પ્રસીડેન્ટ કમીટી ઓન ઈકવલ ઓપરચ્યુનીટી' નામની સંસ્થાએ લેખકને ૧૯૯૭માં ઉદ્યોગ જગતના ઉભરતા સિતારા તરીકે નવાજયા હતા. જૂન ૨૦૦૦માં લેખકને 'ઈન્ટરનેશલ હયુમેનિટેરિયન એવોર્ડ' એનાયત થયો હતો.

આ નાનકડા પુસ્તકમાં (૧) અભિયાનનો આરંભ, (૨) અતિતનો અવાજ, (૩) પરિશ્રમની ભેટ, (૪) ધનની ભેટ, (૫) મૈત્રીની ભેટ, (૬) ભણતરની ભેટ, (૭) સમસ્યાઓની ભેટ, (૮) પરિવારની ભેટ, (૯) હાસ્યની ભેટ, (૧૦) સપનાંની ભેટ, (૧૧) અર્પણની ભેટ, (૧૨) કૃતજ્ઞતાની ભેટ, (૧૩) એક દિવસની ભેટ, (૧૪) પ્રેમની ભેટ, અને (૧૫) અનોખી ભેટ જેવાં પ્રકરણો સમાવેશ પામે છે.

પુસ્તકમાં નાયકના વસિયતનામામાં લખ્યું છે કે "જેસન, હું મારા જીવનને ખૂબ વિશાળ ફલક પર જીવ્યો. ઘણી સિધ્ધિઓ મેળવી અને ઘણી મોટી ભૂલો પણ કરી. પરંતુ મેં સૌથી મોટી ભૂલ એ કરી કે પરિવારનાં દરેક સભ્યોની માંગણી અને અપેક્ષા, મેં એમના માંગ્યા પહેલાં જ સંતોષ્યાં. મને એવું સમજતાં અનેક વર્ષો લાગ્યાં કે દરેક વ્યકિત જીવનમાં જે કંઈ કરે છે, જાણે છે કે મેળવે છે એ બધું જ ઈશ્વરની દેન છે. ઈશ્વર પાસે દરેક વ્યકિત માટે એક વિશેષ યોજના હોય છે, જેને પાર પાડવાનાં જરૂરી સાધનો પણ એણે જ પૂરાં પાડયાં હોય છે. મેં જીવનની ખુશીઓને મેળવવાના પ્રયત્નોમાં અને મારા મિત્રો તથા પરિવાર માટે એને ખરીદવામાં અનેક વર્ષ વેડફયાં. પરંતુ વધતી વયે જ મને શીખ સમજાઈ કે ખુશી તો ઈશ્વરને આપેલી દરેકે દરેક સોગાદ થકી જ મળે છે. એ મારી બદનસીબી કે મારું ધન અને મારી સત્તાનો ફેલાવો, એ કશુંય આ શીખ સમજવામાં લોકોને સહાયરૂપ ન બન્યાં. મારી ગેરહાજરીનાં અવકાશને પૂરવાનાં પ્રયત્નરૂપે મેં એમને દરેક ભૌતિક સુખ-સગવડતા આપી, પરંતુ આવું કરવામાં મેં એમની પાસેથી બધું જ લૂંટી લીધું, જેના થકી તેઓ મારી જેમ જીવનને અદભૂત બનાવી શકે તેમ હતાં."

પ્રત્યેક પ્રકરણના આરંભે આપવામાં આવેલાં કવોટેશન અદભુત છે જે પૈકી "કોઈ પણ સફર લાંબી હોય કે ટૂંકી, પરંતુ એના મહત્વનું આત્મજ્ઞાન લાગતાં જ જાગ્યા ત્યાંથી સવાર સમજો એનો આરંભ કરી દેવો જોઈએ", પૈસો હાથનો મેલ છે. એ એક ભૌતિક સાધનથી વિશેષ કશું જ નથી. એ સત્કાર્યોનો સ્ત્રોત બની શકે, અનિષ્ટતાનું મૂળ બની શકે અથવા કયારેક તદ્દન નિષ્ક્રિય પણ સાબિત થાય"., તથા "કેટલાંક માણસો ખૂબ અદભુત પરિવામાં જન્મયાં હોય છે, બીજા કેટલાંકે પરિવાર શોધવો અથવા રચવો પડે છે. પરિવારના સદસ્ય હોવું એટલે એક એવી અમૂલ્ય સદસ્યતા, જ્યાં આપણે કશુંય ચૂકવવાનું નથી હોતું, સિવાય કે પ્રેમ." સરળ ભાષામાં થયેલા આ પુસ્તકના અનુવાદને એકવાર વાંચવા, પ્રયાસ કરવા જોઈએ.

ડૉ. જે.આર. મહેતા
કુલસચિવ


VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**

**Published by : Dr. J R Mehta, Registrar**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com